# શ્રીમદ્ ભગવદ્ ગીતા જન્મોત્સવ-જ્ઞાનસત્ર

મહાભારત રૂપી સુંદર સુગ્રથિત માળાનું ઝળકતું રત્ન છે: શ્રીમદ ભગવદ્ ગીતા. સમગ્ર ગીતા હૃદયથી કહેવામાં આવી છે અને દિલથી લખવામાં આવી છે.


ભારતીય પરંપરામાં 'વેદ' વાણી સમજાવવા ઉપનિષદો રચાયા છે. આ સર્વ ઉપનિષદો, બ્રહ્મ સૂત્ર અને સાંખ્યના જ્ઞાનનો નિચોડ બખૂબી સરળતાથી ગીતામાં નિરૂપિત થયો છે. જે ભગવદ્ ગીતાને ભારતીય દર્શનની ગાઇડ બુક અને કોડબુક બંને ઠરાવે છે.

ઉપનિષદો અરણ્યની વિદ્યા છે તો શ્રીમદ્ ભગવદ્ ગીતા રણભૂમિની વિદ્યા છે.

ગીતા એ કેવળ ધર્મોપદેશ નથી. એને જ્ઞાન, બુદ્ધિ, તર્ક, વિચાર વગેરેના ઓવનમાં શેકી શકાય છે. તેથી જ આદ્ય ગુરુ શંકરાચાર્યથી માંડી ગાંધી-વિનોબા-પાંડુરંગશાસ્ત્રી સુધીના સહુ કોઇ તત્ત્વ વિચારકો એમાંથી અલગ અલગ અર્થ છાયાઓ તારવી શક્યા છે. ભારત અને ભગવદ્ ગીતા બંને એકબીજાના પર્યાય જેવા છે. બંને કેલીડોસ્કોપ જેવા છે. જ્યારે જુઓ ત્યારે કોઇક નવો રંગ, નવી ડીઝાઇન, નવી આકૃતિનો

> ભારત અને ભગવદ્ ગીતા બંને એકબીજાના પર્યાય જેવા છે. બંને કેલિડોસ્કોપ જેવા છે. જયારે જુઓ ત્યારે કોઇક નવો રંગ, નવી ડીઝાઇન, નવી આકૃતિનો નજારો જોવા મળે છે. ડીટેકટીવ પાત્ર શેરલોક હોમ્સનો ભકતમિત્ર વોટસન હતો. તેમ ગીતામાં અર્જુને શ્રીકૃષ્ણને મિત્રભાવે પૂજયા છે

નજારો જોવા મળે છે. ડીટેકટીવ પાત્ર શેરલોક હોમ્સનો ભક્તમિત્ર વોટસન હતો. તેમ ગીતામાં અર્જુને શ્રી કૃષ્ણને મિત્ર ભાવે પૂજ્યા છે. તેથી જ ગીતા કેવળ આદેશ કે ઉપદેશ ન બનતાં પ્રશ્ન અને જવાબ, કારણ અને નિવારણ, શંકા અને સમાધાનનો સંવાદ બને છે.




જે ગ્રંથમાં મામે શરણં વ્રજ જેવી ઇશ્વરને અનુસરવાની આજ્ઞા છે તેમાં જ યથેચ્છસિ તથાકુરુ (- તને યોગ્ય લાગે તે કર)ની મુક્ત મોકળાશ પણ છે. આ 11મી સદીનું ધર્મ પુસ્તક ચુકાદા આપનારું નહીં પણ ચર્ચા જગાડનારું છે. તેથી જ આજના ફાસ્ટ યુગમાં ગીતા ઇઝ ફીટ એન્ડ હીટ. અર્જુનનો વિશાદ દૂર કરવા શ્રીકૃષ્ણે આપેલી મોટીવેશનલ સ્પીચ ભગવદ્ ગીતા છે.

દૈવી કંઠે ગવાયેલ ગીત જેવા ભગવદ્ ગીતાના શ્લોકોની ભાષા એક સરખી અને સળંગ સૂત્ર છે. જેમાં ભારોભાર કાવ્યતત્ત્વ છલકે છે. ગીતા એ આધ્યાત્મિક કાવ્ય છે.

**- ડો. ઇંદિરા શાહ**

પથ્થર પે લકીર જેવા વજનદાર સિદ્ધાંતો આપતા ચુસ્ત ધર્મગ્રંથો કરતા શ્રીમદ્ ભગવદ્ગીતાના સંવાદો વધુ ઉત્તમ જીવન પંથો કંડારનારા છે.

કોઇપણ માણસ કર્મ કર્યા વગર રહી શકતો નથી. નહિ કશ્ચિત ક્ષણમપિ જાતુ નિષ્ઠ ત્યકર્મકૃત- સાથે સાથે કર્મ કરવાથી જે તકલીફ થાય છે તે સહી શકતો નથી. તો તકલીફ થાય નહીં અને કર્મ થાય તે કેમ કરવું આ યુક્તિ ગીતા બતાવે છે.

કર્મફળની આસક્તિ કાઢવી એ સાપમાંથી ઝેરની કોથળી કાઢવા જેવું કામ છે. ફલાસક્તિ વગર કર્મ કરનારને અહમ્‌નો તાપ અને હૃદયનો સંતાપ હોતો નથી. અહીં કર્મવિયોગી અર્જુનને કર્મયોગી શ્રી કૃષ્ણ યુક્તિ બતાવે છે. નિમિત્ત ભાવે કર્મ કર... નિમિત્ત માત્રં ભવ સવ્યસાચિન! સાધન બન. તો પરિણામની જવાબદારી તારી રહેશે નહીં. મિજાજથી કર્મ કર. શરતથી કર્મ નહીં ગીતાનો આદેશ છે કે કર્મ કરવાનો તારો અધિકાર છે કર્મણિ એવ તે અધિકારઃ ફળમાં નહીં ફલષુ ન તસ્માત નિમિત્ત માત્રં ભવ! આત્માર્થીને આત્મદર્શન કરવાનો અદ્વિતીય ઉપાય છે. કર્મફલ ત્યાગ- અનાસક્તિ આ મધ્ય બિંદુની આસપાસ જ ગીતાનું ગ્રથન થયું છે. ભક્તિ જ્ઞાન આ મધ્ય બિંદુની આસપાસ તારામંડળ રૂપે ગોઠવાયાં છે.

ગીતા પવિત્ર છે. કારણ ભગવાન મારી સાથે છે. પ્રભુ મારામાં છે. સર્વમાં છે એમ કહેનાર પ્રથમ ગ્રંથ ગીતા છે. સર્વસ્ય ચાહં હૃદિ સંનિવિષ્ટઃ (ગી.અ. 15/15) માનવ માત્ર પ્રાણી માત્ર સાથે પ્રભુના સર્જન/અંશ રૂપે (મમવાંશો જીવલોકેઃ અ. 15/7) સંબંધ બાંધવા મધુર સગપણની વાત ગીતા કરે છે. Divine Brotherhood of Man Inder the Father Hood fo God. સર્વમાં પ્રભુ બિરાજે છે તેથી બીજાને છેતરીશ નહીં, ધિક્કારીશ નહીં, બીજાની નિંદા કરીશ નહીં. આજના અશાંત, અસ્વસ્થ, અસંદિગ્ધ યુગમાં સ્વસ્થ માનવ સમાજ નિર્માણ માટે ગીતાના આ ઉત્તમ કેડી કંડારતા વિચારોની તાતી જરૂરિયાત છે. આમ નક્કી હેતુ પૂર્વકના પરિણામ માટેનો ગ્રંથ ગીતા છે. તેથી તેનો જન્મ દિવસ ઉજવાય છે.

# જિતેન્દ્રિય સંતનું સાંનિધ્ય સાંપડે તો

સંતનું સાંનિધ્ય માનવીનું જીવન જરૂર બદલી શકે પણ એ માટે સાચા જિતેન્દ્રિય સંત જરૂરી છે. એવા વિરલા સંતોએ ડાકુ, લૂંટારો કે ખૂંખાર ખૂનીઓના જીવન બદલી નાખ્યા છે. તો અન્ય પ્રાણીની શી વસાત? સ્વામીનારાયણ ધર્મનો અને શિક્ષાપત્રીનો પ્રચાર ગામેગામ કરનાર બ્રહ્માનંદ સ્વામીની આ વાત છે. એમણે સંપ્રદાયના સરસ ભક્તપદોની રચના કરી છે. એ સહજાનંદ સ્વામીના પ્રિય હતા. એક વાર એક કાઠી સહજાનંદ સ્વામીને ભેટ ધરવા એક ઘોડો લઇ આવ્યા, ઘોડો ભારે તોફાની. કોઇની સવારી જ ન કરવા દે, ભારે કૂદાકૂદ કરી બચકાં ભરવા દોડે. કોઇ પાસે જઇ ન શકે. એની આંખો પર

> પેલા સેવકો ઘોડાને આંખે અંધારી બાંધી લઇ આવ્યા. બે જણે એને પકડી રાખ્યો હતો છતાં એ પગ પછાડતો, ખોંખારા કરતો બધાને બચકાં ભરવા દોડતો હતો. બીજા સેવકો અને ભકતો આ જોઇ રહ્યા હતા

ડાબલા યાને અંધારી બાંધી રાખવી પડે.

એક વાર સહાજનંદ સ્વામી ગઢડાથી કારિયાણી જવા તૈયાર થયા. સાથે મુક્તાનંદ સ્વામીને લીધા. મહારાજ માટે ઘોડી હતી જ.

**અજવાળાં**
**દુર્ગેશ ઉપાધ્યાય**

મુક્તાનંદ માટે પણ દાદા ખાચરની ઘોડી હતી. પણ બ્રહ્માનંદ સ્વામીને સાથે લઇ જવા ઘોડો ન હતો એટલે સહજાનંદ સ્વામીએ પેલા કાઠીએ આપેલો તોફાની ઘોડો મંગાવ્યો. સેવકોએ કહ્યું, ''મહારાજ એ ઘોડો કાં મંગાવ? એ તો ભારે ખૂંખાર છે, કોઇને



સવારી કરવા દે એવો નથી. બધાંને મારીને પાડી દે છે.'' સ્વામીજીએ કહ્યું, ''તમે લાવો તો ખરા.'' પેલા સેવકો ઘોડાને આંખે અંધારી બાંધી લઇ આવ્યા. બે જણે એને પકડી રાખ્યો હતો છતાં એ પગ પછાડતો, ખોંખારા કરતો બધાને બચકાં ભરવા દોડતો હતો. બીજા સેવકો અને ભક્તો આ જોઇ રહ્યા હતા. સહજાનંદજીએ બ્રહ્માનંદ સ્વામીને કહ્યું: ''તમે આ ઘોડા પર સવારી કરો.''આજ્ઞા મળતાં જ બ્રહ્માનંદ સ્વામી છલાંગ મારી એ ઘોડા પર સવાર થઇ ગયા. એ જેવા ઘોડા પર બેઠા કે ઘોડો શાંત થઇ ગયો. સહજાનંદ સ્વામીએ કહ્યું, ''હવે તમે બધા આઘા ખસો. ઘોડાને છોડી દો. એની આંખો પરથી અંધારી છોડી નાખો'' અને સેવકોએ અંધારી છોડી નાખી, આઘા ખસી ગયા. એ ઘોડા પર સવાર થઇ બ્રહ્માનંદજી કારિયાણી સુધી ગયા પણ ઘોડાએ કોઇ તકલીફ ઊભી ન કરી અને વળતાં પણ એ જ રીતે એ પાછા આવ્યા. આ જોઇ પાર્ષદો અને સેવકોને આશ્ચર્ય થયું. મહારાજને આમ થવાનું કારણ પૂછ્યું તો સહજાનંદ સ્વામીએ કહ્યું: ''આ ઘોડાની સવારી કરનાર બ્રહ્માનંદ સ્વામી જિતેન્દ્રિય છે, એમના પ્રભાવથી એ તોફાની ઘોડો વશ થઇ ગયો અને સ્વામીની આજ્ઞા અનુસરવા લાગ્યો. આવા જિતેન્દ્રિય સંતો તોફાની ઘોડાને વશ કરી શકે, શાંત કરી શકે તો ખૂંખાર માનવીને કેમ સુધારી ન શકે. બસ સાચા સંતનું સાંનિધ્ય મળવું જરૂરી છે.''



## સપ્તાહનાં વ્રત-તહેવારો
## તા. ૯ ડિસેમ્બરથી
## તા. ૧૫ ડિસેમ્બર-૨૦૨૪

**તા. ૯ સોમવાર**

માગશર સુદ આઠમ દુર્ગાષ્ટમી, નોમનો ક્ષય, પંચક, હરિ જયંતી, કાત્યાયની દેવી વ્રત સમાપ્ત બંગાળ

---

**તા. ૧૦ મંગળવાર**

માગશર સુદ દશમ, પંચક

---

**તા. ૧૧ બુધવાર**

માગશર સુદ અગિયારસ મોક્ષદા એકાદશી ( રાજગરો ) ગીતાજયંતી, પંચક સમાપ્ત સવારે 11.49 કલાકે, મૌની અગિયારસ જૈન

---

**તા. ૧૨ ગુરુવાર**

માગશર સુદ બારસ, અખંડ બારસ, સાંદીપનિ ઋષિ જયંતી, ધૂની વાલે દાદાજી કેશવાનંદજી પુણ્યતિથિ

**તા. ૧૩ શુક્રવાર**

માગશર સુદ તેરસ પ્રદોષ કાર્તિમાઇ દીપમ તામિલનાડુ

---

**તા. ૧૪ શનિવાર**

માગશર સુદ ચૌદશ, વ્રતની પૂનમ, શ્રી દત્ત જયંતી, શ્રીધરસ્વામી જયંતી

---

**તા. ૧૫ રવિવાર**

માગશર સુદ પૂનમ, બહુચરાજીનો મેળો ધનુર્માસ, ધનુસંક્રાતિ, ત્રિપુર ભૈરવી જયંતી

---

## સુવિચાર

આવડત કેવી રાખો કે
તમને હરાવવા માટે કોશિશ નહીં
પણ કાવતરા કરવા પડે

---

મૌન સૌથી સારો જવાબ છે
એ લોકો માટે છે તમારા
શબ્દોને મહત્વ નથી આપતા